CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૨૧
તા.૧૭-૦૯-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૯ સૂર્યાસ્ત : ૦૬:૪૧

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૫.૨ | વડોદરા | ૩૪.૪ |
| અમદાવાદ | ૩૫.૬ | સુરત | ૩૪.૦ |
| ગાંધીનગર | ૩૬.૦ | નલિયા | ૩૩.૪ |

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# આજે ગુજરાતની જીવાદોરી રાષ્ટ્રને અર્પણ

## આધારશીલા મુકાયાના આશરે છ દશક બાદ લોકાર્પણ થશે : મોદી પખવાડિયા સુધી ચાલનાર નર્મદા મહોત્સવમાં પણ ભાગ લેશે : ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઇના લાભ મળશે : ૯૦૦૦ ગામોને ફાયદો

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ફરી એકવાર તેમના વતન રાજ્ય ગુજરાત પહોંચી રહ્યા છે. પોતાના જન્મદિવસે જ મોદી નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે પહોંચનાર છે. જ્યાં તેઓ તેની આધારશીલા મુકવામાં આવ્યાના આશરે છ દશક બાદ વિશ્વના બીજા સૌથી મોટા બંધ સરદાર સંરોબર બંધનુ લોકાર્પણ કરનાર છે. આની તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસથી તડામાર તૈયારી ચાલી રહી હતી. તેમના જન્મદિવસે જ્યારે મોદી આવતીકાલે વિશ્વના બીજા સૌથી મોટા બંધનુ લોકાર્પણ કરશે ત્યારે ગુજરાતની ઝડપી પ્રગતિના દ્વાર ખુલી જશે. તેમના ૬૭માં જન્મદિવસે આ કાર્યક્રમ યોજાનાર છે. જેથી તેને વધુ યાદગાર બનાવી દેવા

અનુસંધાન પાના નં.૬

## બનાસવાસીઓનો એક જ સૂર : સરકારે નેવાના પાણી મોભે ચઢાવ્યા

નર્મદા ડેમ પર આકાર લઈ રહેલી સરદાર સરોવર યોજનાના પગલે ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રજાજનોને સિંચાઈ માટે પાણી પહોચાડાતુ હતું. બનાસકાંઠાની પ્રજાએ મા નર્મદાના આશીષ મેળવવા ૨૦૦૮ ની રાહ જોવી પડી. બનાસકાંઠામાં પ્રથમવાર ૨૦૦૮ માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ થરાદ ખાતે નર્મદા કેનાલનો પ્રારંભ કરાવ્યો બનાસકાંઠાના સરહદી દિયોદર, વાવ, થરાદ તેમજ સુઈગામના છેવાડાના ગામો સુધી નર્મદાની કેનાલો પહોચી. જિલ્લાના ખેડૂતોને નર્મદાનું પાણી સિંચાઈ માટે મળતું થયું. તેમજ ખેડૂતો આ પાણીનો પીવા માટે ઉપયોગ કરી શકે તે માટે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ પણ શરૂ કરાયા. જેના લીધે બનાસ કાંઠાની પ્રજાને નર્મદાનું પાણી મળવા લાગ્યું અને જિલ્લાના વડીલોના મુખે એક જ વાત હતી કે નેવાના પાણી મોભેના ચઢે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દિર્ધદ્રષ્ટિના લીધે આ અશક્ય કાર્ય પણ સરકારે શક્ય કરી બતાવ્યું. પરીણામે આજે જિલ્લાની પ્રજા જણાવી રહી છે કે સરકારે "નેવાના પાણી મોચે ચઢાવી બતાવ્યા"

## બનાસકાંઠામાં બે દિવસમાં ભારે વરસાદની આગાહી

### દાંતીવાડા ડેમમાંથી ૨૦૦ ક્યુસેક પાણી છોડાયું

ડીસા

લાંબા વિરામ બાદ ઉતરતા ભાદરવા મહીનામાં મેઘરાજાની ફરી પધરામણી થઈ છે ત્યારે છેલ્લા બે ત્રણ દિવસથી બનાસકાંઠા તેમજ દક્ષિણ રાજસ્થાનમાં વરસાદ પડતાં દાંતીવાડા ડેમમાં પાણીની આવક વધી છે. જેના પરિણામે ડેમનું જળસ્તર વધતાં ગઈકાલે સાંજે દાંતીવાડા ડેમમાંથી ૨૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે તંત્ર દ્વારા દાંતીવાડા, ડીસા અને કાંકરેજ તાલુકાના નદીકાંઠાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. ત્યારે બીજી તરફ હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસમાં બનાસકાંઠા સહીત ઉત્તર ગુ-જરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે.

### તંત્રના બહેરા કાને અરજ ન સાંભળતા

## બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખે આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર



સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખની અરજ તંત્રના બહેરા કાને અથડાઈને પરત ફરતા તેઓએ કંટાળીને જિલ્લા પંચાયત ના પ્રાંગણમાં જ ઝેરી દવા ગટગટાવી જીવનલીલા સંકેલી લેવાનો પ્રયાસ કરતા અફરાતફરી મચી ગઈ હતી. જિલ્લા પંચાયત ના અધિકારીઓ પીડિતને ઉપાડી સિવિલમા દોડી આવ્યા હતા. જોકે, પૂર્વ પદાધિકારીએ કરેલા આપઘાતના પ્રયાસથી જિલ્લા પંચાયતની લાલિયાવાડી સામે આવી હતી.

સમગ્ર ઘટનાની વિગત જોઈએ તો, કાંકરેજ તાલુકાના માંડલા ગામના મસાજી નાથુજી ઠાકોર કે જેઓ બનાસકાંઠા જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખપદે રહી ચૂક્યા છે. જેઓ પોતાના ગામમાં ગૌચરના બિન અધિકૃત દબાણને લઈને ઘણા સમયથી તાલુકા અને જિલ્લા પંચાયતના ધરમ ધક્કા ખાઈ રહ્યા હતા. જોકે, જિલ્લા પંચાયતનો વહીવટ કરી ચૂકેલા આ પૂર્વ ઉપપ્રમુખની વાત પણ જિલ્લા પંચાયતના કોઈ અધિકારીએ કાને ન ધરતા આજે પાલનપુર જિલ્લા પંચાયત ખાતે ગૌચરના દબાણને લગતી રજુઆત કરવા આવેલા જિલ્લા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ મસાજી ઠાકોરને લાગી

અનુસંધાન પાના નં.૬

### રોફ ઝાડતા જિલ્લા આરોગ્ય અધિકારી

નબળી નેતાગીરીના પાપે બનાસકાંઠા જિલ્લામાં સરકારી બાબુઓની તુમારશાહી અને અમલદારશાહી વચ્ચે જિલ્લાવાસીઓ પીસાઈ રહ્યા છે. જેની પ્રતીતિ કરાવતો બનાવ બનતા જિલ્લા પંચાયતના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. જેમાં જિલ્લા આરોગ્ય અધિકારી તો જાણે તેમના પગ નીચે રેલો આવ્યો હોય તેમ રઘવાયા થઈ પાલનપુર સિવિલના સ્ટાફ સામે તાડૂકી રોફ ઝાડતા નજરે પડ્યા હતા. સિવિલ સર્જન ની હાજરીમાં સિવિલ સ્ટાફ દ્વારા પીડિતને સત્વરે જરૂરી સારવાર અપાઈ રહી હતી. ત્યારે આરોગ્ય અધિકારી આચાર્ય દ્વારા બિન જરૂરી રીતે સ્ટાફ પર ધોંસ જમાવી તેઓનું મોરલ તોડવાનો કરેલો પ્રયાસ ચર્ચાની એરણે ચડ્યો હતો.

બેસણું



અમારા પુત્રશ્રી સ્વ. હેમજીજી વઘાજી રાઠોડ (No.1 B.N.B.W. C.Co.Palanpur) નું દુઃખદ અવસાન તા.૧૬-૦૯-૧૭ ને શનિવારે થયેલ છે.પ્રભુને ગમ્યું તે ખરૂ, સદ્‌ગતનું બેસણું તા.૧૮-૦૯-૧૭ ને સોમવારના રોજ રાખેલ છે.

સ્થળ : મુ.પો.સણવા, તા.ભાભર, જિ.બ.કાં. મો.૯૬૨૪૦૬૬૩૪૫

સ્વ.હેમજીજી વઘાજી રાઠોડ (No.1 B.N.B.W. C.Co.Palanpur) સ્વ.તા.૧૬-૦૯-૨૦૧૭

લિ.
રાઠોડ વઘાજી કાળાજી (પિતા)
રાઠોડ અમરતજી વઘાજી (ભાઇ)
રાઠોડ દિનેશજી વઘાજી (ભાઇ)
તથા સમસ્ત રાઠોડ પરિવાર - સણવા

અંતઃકરણની શુભેચ્છા...



ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમના લોકાર્પણ અને ભારતના વિકાસ પુરૂષ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે અંતઃકરણની શુભેચ્છાઓ...

નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત સરકાર



લિ.
શ્રી કિરણભાઈ ડી.વડગામા
પ્રમુખ
બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળ

૨૧ મી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.ઉમાજી જીવાજી ગેલોત
સ્વ.તા.૧૭-૦૯-૧૯૯૭

સુખને છલકાવ્યું નહિં, દુઃખને દેખાડ્યું નહિં, હસતું મુખડું રાખી આકસ્મીક લીધી વિદાય, મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
હાપુજી ઉમાજી ગેલોત
બાબુજી ઉમાજી ગેલોત
છોગાજી ઉમાજી ગેલોત
ફર્મ : યોગેશ્વર ઓટો મોબાઇલ્સ
(એચ.પી.સી.એલ. પેટ્રોલપંપ)
રેલ્વેસ્ટેશન ચાર રસ્તા, ડીસા

MK INDUSTRIAL TRANING INSTITUTE, PATAN
એમ.કે.ઓદ્યોગિક તાલીમ સંસ્થા, પાટણ
(સરકાર માન્ય)

ITI ના પ્રવેશમાં રહી ગયેલ તમામ વિદ્યાર્થીઓ માટે પ્રવેશની છેલ્લી તક

ITI માં એડમિશન માટે રૂબરૂ મળો : સમય સવારે ૮ થી સાંજે ૭ વાગ્યા સુધી

NCVT દ્વારા માન્ય નીચેના ITI ટ્રેડ માટે

| | | | |
|---|---|---|---|
| Electrician | - 32 | HSI | - 40 |
| Fitter | - 32 | Wireman | - 32 |
| COPA | - 32 | Draftsman Civil | - 32 |

GCVT દ્વારા માન્ય નીચેના ITI ટ્રેડ માટે

| | | | |
|---|---|---|---|
| Garment Making | - 16 | Software Programming | - 50 |
| E-commerce | - 50 | HNA | - 32 |
| MT & DTP | - 50 | Web Design | - 50 |

ITI માં એડમીશન ચાલુ છે.

પાટણ-ડીસા હાઇવે રોડ, હેમ. ઉ.ગુ.યુનિવર્સિટીની સામે, પાટણ

એડમીશન તેમજ વધુ માહિતી માટે સંસ્થામાં રૂબરૂ મુલાકાત લેવી જરૂરી છે.

ફોન : ૦૨૭૬૬-૨૯૭૦૧૨, ૨૯૭૦૧૩
મો. ૯૭૨૬૪૧૮૧૭૧/૧૭૨/૧૭૩/૧૭૪




FARMTRAC

મો.૯૪૨૮૫ ૦૫૩૪૧ મો.૯૪૨૮૫ ૦૫૩૪૦

શારદા ટ્રેક્ટર્સ
આર.ટી.ઓ.ચાર રસ્તા, આખોલ - ડીસા
૧૫ દિવસની અંદર ટોટલ પેમેન્ટ ચુકતે થશે તો સ્કીમનો લાભ મળશે.

॥ શ્રી હરિજી ॥

આજે અને આવતી કાલે આપના શહેર ડીસા માં અમદાવાદ ના પ્રતિષ્ઠિત ધરમરાજ જ્વેલર્સ આયોજીત

ગોલ્ડ & ડાયમંડ જ્વેલરી એક્ઝીબીશન

50% ડિસ્કાઉન્ટ ગોલ્ડ જ્વેલરીની ઘડામણમા

100% ડિસ્કાઉન્ટ ડાયમંડ જ્વેલરીની ઘડામણમા



Date 17 & 18 સપ્ટેમ્બર, 2017

Time 10 a.m. to 8 p.m.

Venue
જલારામ સેવા સદન, જલારામ ભોજનાલય ઉપર, જલારામ મંદિરની બાજુમાં, પહેલે માળે, નેશનલ હાઈવે, ડીસા

: અમારા આગામી એક્ઝીબીશન :
19-20 ટહુકો પાર્ટીપ્લોટ, મોઢેરા રોડ, મહેસાણા
21-22 APMC માર્કેટ, ગંજ બજાર, ઊંઝા

મો : ૯૯૦૯૯૪૪૭૨૪, ૯૪૨૭૬૨૪૩૬૦

DHARAMRAJ JEWELLERS
AHMEDABAD SHOWROOM
C.G.Road-26561174/75 • Bapunagar-22741171/72
Gold - Kundan - Vilandi - Diamond - Platinum - Silver

સૂર્યોદય - ૬.૨૯ સૂર્યાસ્ત - ૭.૪૧

## તિથિદર્શન ભાદરવા વદ-૧૨ રવિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : બારસ રવિવાર નક્ષત્ર :આશ્લેષા રાત્રે ૧૨.૦૭ પછી મઘા યોગ :શિવ કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) રાત્રે ૧૨.૦૭ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**શશી દિવસ ધૂસરો ગલિત યૌવના કામિની**
**સરો વિગતવારિજં મુખ મનક્ષરં સ્વીકૃતે:**
**પ્રભૂર્ધન પરાયણ: સતત દુર્ગત:સજ્જનો**
**નૃપાંગણગત: ખલો મનસિ સપ્ત સલ્યાનિ મે**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’ નો આ શ્લોક છે.

‘દિવસના પ્રકાશને કારણે ઝાંખો પડેલો ચંદ્ર, યૌવનહીન થયેલી સ્ત્રી, કમળ વિનાનું (સૂકું) સરોવર, સુંદર ચહેરાવાળા હોવા છતાં જે ચહેરા પર વિદ્યારૂપી આભા- તેજ ન હોય એવું મુખ, જે રાજા ધનલોભી હોય તે, કંજૂસ અને લોભી શેઠ- માલિક, સતત ગરીબીમાં જ સબડતો સજ્જન, ગુનાઈતિ ઈતિહાસ ધરાવતો દુર્જન, જે સંસદસભ્ય અને વિધાનસભ્ય થઈને બેસી ગયો છે તે- ‘આ સાત પ્રકારના વ્યક્તિઓ મને મારા મન- હૃદયમાં શૂળની જેમ ભોંકાય છે. ખટકે છે.’

અહીં સાત પ્રકારની વ્યક્તિઓની યાદી આપવામાં આવી છે, જે વાસ્તવિક જીવનમાં સૌને શૂળની જેમ હૃદયમાં ચુભાય છે. શ્લોક રચયિતા કહે છે, મને આવા સાત પ્રકારના ‘લોકો ગમતા નથી.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) નાણાંકીય મૂંઝવણમાં વધારો થાય. પ્રવાસમાં વિઘ્ન આવે.**
**વૃષભ : (બ.વ.ઉ.) નોકરી-વ્યવસાયને લગતી સમસ્યાનો ઉકેલ આવે. ગૃહવિવાદ.**
**મિથુન :(ક.છ.ઘ.) શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાવહ. મહત્વના કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) માનસિક પ્રસન્નતામાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.**
**સિંહ : (મ.ટ.) મનમાં વ્યગ્રતા અનુભવાય. પડવા-વાગવાથી સંભાળવું હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.) મનની મુરાદ પૂરી થાય. કાર્યક્ષેત્રમાં આકસ્મીક ધન લાભ થાય.**
**તુલા : (ર.ત.) પ્રિયજનની મદદ મળે. નાણાંકીય પરેશાની દૂર થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) નવી લાભની તક સાંપડે. શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય.**
**ધન : (ભ.ફ.ધ.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. માનસિક પ્રસન્નતા અનુભવાય.**
**મકર : (ખ.જ.) હાથમાં આવેલી તક સરી જાય. વ્યવસાયિક પ્રશ્ન વિલંબથી ઉકેલાય.**
**કુંભ : (ગ.શ.સ.) લાભની આશા ફળે. મિત્રોની મદદ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.)જીવનસાથી સાતે મતભેદ સર્જાય. કૌટુંબિક વિવાદ ટાળવો હિતાવહ.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

આયુર્વેદાચાર્ય કેળવણીકાર અને સેવામૂર્તિ તરીકે ગુજરાત વ્યાપી ખ્યાતિ ધરાવનાર બાપાલાલ વૈદ્યની જન્મજયંતી છે.

એમનો જન્મ ૧૭-૯-૧૮૯૬ ના રોજ પંચમહાલ જિલ્લાના રણસોલી જેવા નાનકડા ગામમાં થયો હતો.

સુરતમાં આવેલી શ્રી ઓચ્છવલાલ ‘નાઝ આયુર્વેદિક મહાવિદ્યાલય’ ના આચાર્ય તરીકે તેમણે સેવાઓ આપી. ત્યાં તેઓ ૧૯૬૫ સુધી રહ્યા પછી તેઓ આયુર્વેદ હોસ્પિટલના અધ્યક્ષ તરીકે નિમાયા. ઉપરાંત દર્દીઓને યોગ્ય ભાવે ઔષધો મળી રહે તે માટે અભયનંદ ફાર્મની સ્થાપના કરી.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

### રાજસ્થાન તપાસમાં ગયેલા..

# ભીલડીના પોલીસ જવાનનું માર્ગ અકસ્માતમાં મોત

## હેડ કોન્સ્ટેબલ અને ડ્રાયવર ઘવાયા


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મોહનભાઈ તેમજ પો.કો.કલ્પેશજી વધાજી ઠાકોર ખાનગી ગાડી (નં.જીજે૮.૯૫૪૭) લઈને તપાસ અર્થે બે દિવસ પહેલા રાજસ્થાનના બીયાવર ગયા હતા. જ્યાં તપાસ કરીને પરત આવતાં બીયાવર નજીક શીયા ગામે અજાણ્યા ટેન્કર ચાલકે ટક્કર મારતા ગાડીમાં બેઠેલા પો.કો.કલ્પેશજી વધાજી ઠાકોરનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. ત્યારે ઘવાયેલા હેડ કોન્સ્ટેબલ મોહનભાઈને બીયાવર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘવાયેલ ડ્રાયવરને પણ સારવાર અર્થે ખસેડાયા છે. ભીલડી પોલીસ સ્ટેશનમાં છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવતાં પો.કો.કલ્પેશજી ઠાકોરે લોકોમાં સારી લોક ચાહના મેળવી હતી. જેઓ એક પુત્ર અને પત્નીને વિલાપ કરતા છોડી ગયા છે. તેથી તેમના પરિવાર ઉપર આભ તૂટી પડ્યું છે. બનાવના પગલે પોલીસ બેડામાં પણ અરેરાટી છવાઈ છે.

### થરાદ સ્ટેટ ઠાકોર સાહેબના અધ્યક્ષ સ્થાને...

# ભાભર તાલુકા રાજપૂત કરણી સેનાના હોદ્દેદારોની વરણી


વનરાજસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

ભાભર ખાતે ગઈકાલે રાજપુત કરણી સેનાની એક મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગ રાજપુત કરણી સેનાના બનાસકાંઠા જિલ્લા અધ્યક્ષ થરાદ સ્ટેટના ઠાકોર સાહેબ અર્જુનસિંહજી વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં વાવ સ્ટેટ યુવરાજ શિવરાજસિંહજી ચૌહાણ હાજર રહ્યા હતા. રાજપુત સમાજનું રાષ્ટ્ર લેવલે મજબુત થતુ સંગઠન હવે ગુજરાત સહિત બનાસકાંઠા જિલ્લામાં પણ મજબુત થઈ રહ્યું છે. રાજપુત કરણી સેનાનું સંગઠન, સમાજમાં શિક્ષણ વધે અને સમાજની નવી દિશા તરફ લઈ જવાનું કામ કરી રહ્યુ છે. રાજપુત કરણી સેનાના ભાભર અને કાંકરેજ તાલુકાના હોદ્દેદારોની નિમણુંક કરાઈ હતી. જેમાં ભાભર તાલુકા રાજપુત કરણ સેનાના હોદ્દેદારોમાં અધ્યક્ષ તરીકે રાઠોડ પ્રવિણસિંહ મનુભા ઉ.અધ્યક્ષ તરીકે રાઠોડ રોહિતસિંહ તખુભા, રાઠોડ મહેશસિંહ સનુભા તેમજ મહાસચિવ પદે રાઠોડ નિકુલસિંહ રાજુભા અને કો. અધ્યક્ષ તરીકે રાઠોડ પીનુભા વક્તુભાની સર્વાનુમતે વરણી કરાઈ હતી. કુલ ૨૧ હોદ્દેદારો અને ૨૫ કારોબારી સભ્યોની ટીમ બનાવી હતી. આ પ્રસંગે કાંકરેજના અધ્યક્ષ તરીકે વાઘેલા ચરણસિંહ કાંતુભા અને ઉપાઅધ્યક્ષ તરીકે વાઘેલા ગોપાલસિંહ સવસિંહજીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ.પ્રવિણસિંહ ચૌહાણ- થરાદ, મહેન્દ્રસિંહજી ચૌહાણ- સુઈગામ, હરીચંદ્રસિંહજી ચૌહાણ- ઢીમા, જબરસિંહજી જાડેજા- ધ્રેચાણા, રણજીતસિંહ વાઘેલા- લાખણી, શ્રવણસિંહજી ચૌહાણ- પીલુડા, ભરતસિંહજી વાઘેલા- આંગણવાડા, વિનુભા સોલંકી- કંબોઈ વગેરે અગ્રણીઓ હાજર રહી રાજપુત કરણી સેનાને મજબુત બનાવવા અપીલ કરી હતી. કાર્યક્રમના ભાભર કરણી હોદ્દેદારો અને ગામના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

# ડીસા તાલુકા ભાજપ બક્ષી પંચ મોરચાની કારોબારી બેઠક મળી



ડીસા

ડીસા તાલુકા ભાજપના બક્ષીપંચ મોરચાની કારોબારી સભાનું ગતરોજ જિલ્લા પંચાયત રેસ્ટ હાઉસ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

તાલુકા બક્ષીપંચ મોરચાની પ્રથમ કારોબારી બેઠકમાં સૌપ્રથમ બક્ષીપંચ મોરચાના તાલુકા પ્રમુખ ઈશ્વરભાઈ રબારીએ દરેકનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આગામી બે માસમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને લઈને દરેક કાર્યકર્તાએ પ્રચારની તૈયારીઓ કરવી ઉપરાંત આગામી સમયમાં થનાર વિવિધ સંમેલનો કાર્યક્રમોમાં વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટેની જવાબદારી ઉપાડવી પડશે. સરકારે કરેલા વિકાસના કાર્યો ઘર ઘર સુધી પહોંચે તે માટે કાર્યકરો અને હોદ્દેદારોને ગામેગામનો પ્રવાસ કરવા જણાવ્યું હતું.

આ કારોબારી બેઠકમાં જિલ્લા ભાજપ મહામંત્રી અમૃતભાઈ દવે, જિલ્લા બક્ષી પંચ મોરચાના પ્રમુખ રમેશભાઈ દેલાવાડિયા, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજી ઠાકોર, ડીસા વિધાનસભાના વિસ્તારક અરવિંદ ખંડેલવાલ ડીસા તાલુકા બક્ષી મોરચાના પ્રભારી ઈશ્વરભાઈ ચૌધરી, બક્ષીપંચ મોરચાના જિલ્લા મહામંત્રી નરેશભાઈ ટાંક, તાલુકા ભાજપ મહામંત્રી બાબરસિંહ વાઘેલા, પૂર્વ ચેરમેન ગોપાલક નિગમના ડૉ.સંજયભાઈ દેસાઈ, પૂર્વ તાલુકા ભાજપ, પ્રમુખ ગીરીશભાઈ દેસાઈ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે ડીસા તાલુકાના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારો કારોબારી સદસ્યોએ પણ હાજરી આપી મહાનુભાવો પાસે પુરતુ માર્ગદર્શન મેળવ્યું હતું. જેમાં બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઈશ્વરભાઈ રબારી, મહામંત્રી નાગજીસિંહ જાદવ, ઉપપ્રમુખ સોલંકી પરથીજી વગેરેએ કારોબારી બેઠકને સફળ બનાવી હતી.

# પાલનપુર-ડીસા હાઇવે પર ગાયને બચાવવા જતા અકસ્માત

પાલનપુર

પાલનપુરમાં રખડતા ઢોરની સમસ્યા જીવલેણ સાબિત થઇ રહી છે. ત્યારે આજે પાલનપુર- ડીસા હાઈવે પર બ્રધર્સ બેકરી સામે વધુ એક અકસ્માત સર્જાયો હતો.

પાલનપુરથી પુર ઝડપે એક કાર આવી રહી હતી. ત્યારે હાઈવે વચ્ચે રહેલા ડીવાઈડર પરથી એક ગાય અચાનક રોડ પર આવી જતા ધડાકાભેર કાર સાથે અથડાઈ હતી. જેમાં ગાય બોનેટ સાથે અથડાઈ હવામાં ફંગોળાઈ રોડ પર પટકાઈ હતી. જેમાં ગાયનો એક પગ ભાંગી ગયો હતો. જયારે અમદાવાદ પારસિંગની ગાડીના આગળના ભાગને ભારે નુકસાન થયું હતું. જોકે, હાઈવે સહિતના જાહેર માર્ગો પર રખડતા ઢોરની સમસ્યા વધુ ઘાતક બને તે પૂર્વે પ્રશાસન પગલાં ભરે તેવી માંગ જોર પકડી રહી છે.

# ભાભરની અંબિકા સોસાયટીમાં ઘરફોડ ચોરી


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર હાઈવે નજીક આવેલા અંબિકા સોસાયટીમાં રહેતા ઠક્કર ચંદ્રેશભાઈ કાંતીલાલ ગતરાત્રે પરિવાર સાથે ગેલેરીમાં સુતા હતા. તે દરમિયાન તસ્કરોએ સીડીનાં ઉપરના દરવાજામાં સળીયો નાખી દરવાજો ખોલ્યો હતા અને રૂમમાં અંદર પ્રવેશી તેમાં રહેલ તિજોરી તોડીને સોનાનું મંગળસુત્ર નંગ - ૧ (કિ.રૂા.૭૫૦૦૦) અને રોકડ રૂા.૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૯૫૦૦૦ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે ઘરના સભ્યો જાગ્યા ત્યારે તિજોરી તૂટેલી જોઈ ચોરી થયાનો અહેસાસ થયો હતો. જેની જાણ થતાં આજુ બાજુના મકાનમાં રહેતા લોકો દોડી આવ્યા હતા. આ બાબતે ચંદ્રેશભાઈ ઠક્કરે ભાભર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. અત્રે નોંધનીય છે કે, ભાભરમાં વારંવાર થતી ચોરીઓના લીધે લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. તેમ છતાં સ્થાનીક પોલીસ ચોરીનો ભેદ ઉકેલવામાં નિષ્ફળ જતાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# ડીસામાં કોંગ્રેસ દ્વારા બેરોજગારોના ફોર્મ નોંધણીનું રજીસ્ટ્રેશન કરાશે

### કોગ્રેસનું નવસર્જન યુવા રોજગાર અભિયાન

ડીસા

પ્રદેશ કોંગ્રેસના નવસર્જન યુવા રોજગાર અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાના સરદાર બાગ પાસે તા.૧૮/૯/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૯.૩૦ ક. બેરોજગારોને ભથ્થા માટે ફોર્મ નોંધણી રજીસ્ટ્રેશન કરાશે.

વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસે બેરોજગાર યુવાનોને ભથ્થુ આપવાની જાહેરાત કરી છે. યુવાનોને રોજગારના અધિકાર હેઠળ પ્રદેશ કોંગ્રેસ દ્વારા નવસર્જન યુવા રોજગાર અભિયાન હાથ ધરાયું છે. જેમાં બેરોજગાર ધો-૧૨ પાસ ભાઈ-બહેનોને રૂા.૩૦૦૦, ગ્રેજ્યુએટને રૂા.૩૫૦૦ અને પોસ્ટ ગ્રેજ્યુએટ રૂા.૪૦૦૦ નું ભથ્થુ આપવામાં આવશે. આ બાબતે શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોરે એક સંયુક્ત નિવેદનમાં બેરોજગાર ભાઈ-બહેનોને ફોર્મ નોંધણી રજીસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ કરી આ કાર્યક્રમમાં ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ સહિત જિલ્લાના આગેવાનો, કાર્યકરો, એન.એસ.યુ.આઈ., સેવાદળ, મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ સહિત વિવિધ સેલના આગેવાનોને પણ ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.

# કાણોદર હાઈસ્કુલનો હીરક મહોત્સવ ઉજવવા સાથે મેમોરીયલ હોલનું ઉદઘાટન

### દાતા દ્વારા હોલ બનાવવા રૂા. ૧૧,૧૧,૧૧૧ નું માતબર દાન


સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

બનાસકાંઠા જિલ્લાના માનચેસ્ટર તરીકે નામના મેળવનાર પાલનપુર તાલુકાના કાણોદર ગામે આવેલ સર્વોદય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. એમ. હાઈસ્કુલને સાઈઠ વર્ષ પૂર્ણ થતાં શનિવારે મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોની હાજરીમાં હીરક મહોત્સવ ઉજવવા સાથે અત્યાધુનિક ‘શમીમ હસન મેમોરીયલ હોલ’નું પણ દાતાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

શનિવારે આર.કે. પટેલ (નિયામક શિક્ષણ વિભાગ ગાંધીનગર) ના અધ્યક્ષ સ્થાને હીરક મહોત્સવ તેમજ હોલના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ રાખવામા આવ્યો હતો. સંસ્થાના પ્રમુખ હસનભાઈ કુગશીયા દ્વારા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિસ્તારપૂર્વક જાણકારી આપવામાં આવી હતી અને ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

**શિક્ષકો અને વિધાર્થીઓએ ઋણ અદા કર્યુ**

અઠ્યાવીસ લાખના ખર્ચે નિર્માણ થયેલ હોલમાં શિક્ષકો દ્વારા દશ દિવસનો પગાર (પાંચ લાખ) નું દાન આપ્યું હતું. જ્યારે વિદ્યાર્થીઓ દ્વારા પણ પોતાનું કર્તવ્ય નિભાવતા પાંચ લાખનું દાન આપી શાળા પ્રત્યેનું ઋણ અદા કરી સમાજમાં ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# ઈકબાલગઢ પાસે રિક્ષા પલ્ટી ખાતા વિધાર્થીને ઈજા

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ નજીક રીક્ષા પલટી ખાઈ જતા વિદ્યાર્થીને ઈજાઓ થવા પામી હતી. જોકે વિદ્યાર્થીના વાલીઓ રીક્ષા ચાલક ની બેદરકારી એ આ અકસ્માત સર્જાયો હોવાનું કહી રહ્યા છે.

અમીરગઢ ના બાલુન્દ્ર ગામે થી આજે સવારે ઈકબાલગઢ અભ્યાસ અર્થે રીક્ષા મા જઈ રહેલા વિદ્યાર્થીને અકસ્માત નડ્યો હતો.રીક્ષા પલ્ટી ખાઈ જતા વિદ્યાર્થી ને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે પાલનપુર ખસેડાયો હતો.જોકે આ અંગે પીડિત વિદ્યાર્થીના વાલી એ રીક્ષા ચાલક પર આક્ષેપ કર્યા હતા. રીક્ષા ચલાવવાની રેસ માં આ રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હોવાનું જણાવ્યું હતું જેને કારણે અકસ્માત સર્જાયો હોવાનું બાળકના વાલી ખેમાભાઈએ જણાવ્યું હતું.

બનાસકાંઠા મા અકસ્માતો નું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે હાઈવે પર વાહનચાલકો નીતિ નિયમો નેવે મૂકી વાહન હંકારતા હોય છે. જેને પરિણામે ગંભીર અકસ્માતો સર્જાતા હોય છે. જોકે હાઈવે પર ના અકસ્માતોમા જિલ્લા ટ્રાફિકની નિષ્ક્રિયતા જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

# ડીસા કોલેજ જુડો સ્પર્ધામાં યુનિવર્સિટી ચેમ્પિયન


ભરત સુંદેશા

ડીસા

તાજેતરમાં યોજાયેલ હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી આંતર કોલેજ જુડો ભાઈઓની સ્પર્ધામાં ડીસા કોલેજના જુડો ખેલાડી સૈની ચીરાગ ૯૦ કે.જી. (૯૦ કે.જી.) માં સમગ્ર યુનિવર્સિટીમાં ચેમ્પિયન થયેલ છે. સૈની ચિરાગ હવે ચંદીગઢ ખાતે યોજાનાર ઓલ ઈન્ડિયા જુડો સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. જે ડીસા કોલેજ માટે ગૌરવની બાબત છે. જુડો ખેલાડી સૈની ચીરાગ અને તેમના કોચ ડો.આર.ડી.ચૌધરીને સંસ્થા પરિવારે અભિનંદન પાઠવી ઓલ ઈન્ડિયા સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# ડીસામાં ભાજપ મહિલા મોરચાનું સંમેલન યોજાયું


ભરત સુંદેશા

ડીસા

આગામી સમયમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ભારતીય જનતા પાર્ટી સક્રિય બની ગઈ છે અને એક પછી એક મોરચાઓ દ્વારા બેઠકો યોજીને પક્ષને મજબુત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.જેમાં આજે ડીસા શહેરના જલારામ મંદિર ખાતે બનાસકાંઠા જીલ્લા મહિલા મોરચા દ્વારા ખાસ સંમેલન યોજવામાં આવ્યું હતું.જેમાં મહિલા મોરચાની બહેનોને ભાજપ સરકારની વિવિધ યોજનાઓ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને વિજેતા બનાવવા માટે અત્યારથી જ પ્રયાસોમાં લાગી જવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# ડીસા પિતરાઈ બહેનના સંબંધ અંગે શંકા રાખી ૨૦ લાખની ખંડણી માંગી

### ખાનગી હોસ્પિટલમાં યુવતી સાથે નોકરી કરતા વ્યક્તિએ ફરિયાદ નોંધાવી : ખંડણી માંગનાર માથાભારે શખ્સ

ડીસા

ડિસાની ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી યુવતીના પિતરાઈ ભાઈએ હોસ્પિટલમાં સાથે નોકરી કરતા યુવક પર પિતરાઈ બહેનના સંબંધો અંગે શંકા કરી યુવક પાસે ૨૦ લાખ ની ખંડણી માંગી હોવાની ફરિયાદ ડીસા ઉત્તર પોલીસ મથકે નોંધાઈ છે. જેમાં પોલીસે બે શખ્સો સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ખંડણી માંગનાર શખ્સ ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોય પોલીસે આ બાબતે ગંભીરતાથી લઈ તેની ધરપકડ ના ચક્રો ગતિમાન કર્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત પ્રવૃતિઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. જેમાં ડીસામાં ખાનગી હૉસ્પિટલમાં સાથે નોકરી કરતી એક યુવતી સાથે ના સંબંધો અંગે શંકા રાખી તેના પિતરાઈ ભાઈ સહિત બે શખ્સોએ ૨૦ લાખ ની ખંડણી માંગી હતી.જેની વિગત એવી છે કે,.ડીસા ના સરગમ બંગલોઝ ખાતે રહેતા અને ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતા નલિન દ્વારકાદાસ પટેલ ની સાથે અન્ય એક યુવતી પણ નોકરી કરતી હતી .તે દરમ્યાન આ યુવતી ના પિતરાઈ ભાઈ કિશોર કાંતિલાલ લુહાર ઉર્ફે કે કે નામના યુવકે બંને વચ્ચે ના સંબંધો અંગે શંકા રાખી પૈસા પડાવવાના ઈરાદે નલીન પટેલને ધાક ધમકી આપી હતી .તેમજ ૨૦ લાખ રૂપિયાની ખંડણી માંગી જો નહી આપવામાં આવે તો તેના પરિવાર ને ખતમ કરી નાખવાની ધમકી આપી હતી. જો કે હોસ્પિટલમાં વારંવાર ધમકી આપી ઉઘરાણી કરતો શખ્સ કિશોર લુહાર સીસીટીવી માં પણ સ્પષ્ટ દેખાય છે અને મોબાઈલ પર ધમકી આપ્યાનું પણ રેકોર્ડિંગ થયેલું છે..વારંવાર આ પ્રકારની ધમકી આપતા આખરે આ યુવકે ખંડણી મંગનાર બે શખ્સો સામે ફરિયાદ નોંધાવતા ડીસા ઉત્તર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કે કે ઉર્ફે કિશોર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને ચોરી લૂંટ મારામારી જેવા ગુનાઓમાં અનેક વાર જેલમાં જઈ આવ્યો છે.ત્યારે પોલીસે બંને શખ્સો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# થરાદના કમાલી ગામે કરણી સેનાની બેઠક મળી



પ્રતિનિધિ ચાંગડા

થરાદ તાલુકાના કમાલી ગામે કમાલી, ચાંગડા, ભુરીયા, દિદરડા ગામના રાજપુત સમાજની કરણી સેનાના બેઠક મળી હતી. જેમાં કરણી સેનાના પ્રમુખ ડૉ.પ્રવિણસિંહ બળાદર, પદમસીંગ લેડાઉવાળા, દિલીપસિંગ જેતડા સહિત આગેવાનોએ સમાજમાંથી વ્યસનો તથા કુરીવાજો દુર કરવા આહવાન કર્યુ હતુ અને બાળકોને શિક્ષિત બનાવવા ઉપર ભાર મુક્યો હતો. આ ઉપરાંત આગામી વિજયા દશમીના દિવસે શસ્ત્ર પૂજનનો સંયુક્ત કાર્યક્રમ યોજવા વિચારણા કરાઈ હતી. આ પ્રસંગે કરણી સેના થરાદના સચિવ વી.પી.સિંહ (કમાલી) એ બેઠકનું સંચાલન કર્યુ હતું.

# વડગામના સકલાણા ગામે સેવાસેતુમાં જનમેદની ઉમટી

### ૨૧ ગામડાઓની પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ

તા.પ્રતિનિધિ વડગામ

વડગામના સકલાણા ગામે પ્રાંત ઓફિસર આર.કે.પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ ત્રીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં ૨૧ ગામોના અરજદારોના કામોનો સ્થળ ઉપર નિકાલ કરાયો હતો. તા. વિકાસ અધિકારી, સર્કલ ઓફિસર છાપી જી.બી.પંચાલ, ના. મામલતદાર હનિફભાઈ ઘાસુરા, અ.મ.ઈ. જી.આર. ચૌધરી સહિત તમામ વિભાગોના અધિકારી કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાથમિક શાળા સકલાણામાં શુક્રવાર સવારે યોજાયેલ સેવાસેતુ ઉદઘાટન સમારોહમાં સરપંચ, ઉપસરપંચ, સભ્યો, તલાટી કમ મંત્રી દ્વારા અધિકારીઓ, મહેમાનોનું સાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

ત્રીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં આવક- જાતિ- ક્રીમીલીયર- ડોમીસાઈલ દાખલા, રેશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડ, મા- અમૃતમ અને મા- વાત્સલ્યકાર્ડ, કૃષિ, પશુપાલન, સહકાર, ગ્રામ વિકાસ, પંચાયત, સામાજીક યોજનાઓ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, દિવ્યાંગ પ્રમાણપત્ર, વિધવા સહાય, નિરાધાર વૃધ્ધ સહાય યોજનાઓ, જમીન માપણી અને નવી નોંધની વગેરે કામગીરી કરવામાં આવી હતી.

# ભાજપ મહીલા મોરચાનું સંમેલન યોજાયું


એન.કે. મોદી

પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં આજે ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા મહિલા સંમેલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. ધાનેરામાં ઓસ્વાલ ભુવન ખાતે ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના ધાનેરા વિધાનસભા ક્ષેત્રનું મહિલા સંમેલન યોજાયું હતું જેમાં મહિલા આર્થિક વિકાસ નિગમ ગુજરાત ના ચેરમેન મીનાબેન પંડ્યા, ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના મંત્રી મોનાબેન રાવલ, ધાનેરા શહેર ભાજપ પ્રભારી નિર્મલપુરી, ધાનેરા નગર પાલિકા પ્રમુખ આશાબેન પટેલ, જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી ઈન્દુબેન જોશી સહિત ભાજપના મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહી હતી. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલી મહિલાઓને નારી શશક્તિકરણ અને સરકાર દ્વારા મહિલાઓના ઉત્થાન માટેની વિવિધ યોજના વિશે વાત કરવામાં આવી હતી. તે સાથે ધાનેરામાં આવેલા પૂર ના સમયે સેવાકીય પ્રવૃત્તિમાં વિશેષ યોગદાન આપનાર મહિલાઓને ઉપસ્થિત મહેમાનો દ્વારા શાલ થી સન્માન કરવામાં આવ્યું હતું.

# ઈંડા ફેંકવાની ઘટના વડગામની અસ્મિતા ઉપર ઘા

**વડગામના ધારાસભ્ય ઉપર રાજકીય ષડયંત્રના ઈંડા ફેંકાયા હતા**

પ્રતિનિધિ છાપી

બનાસકાંઠાના વડગામ તાલુકાના ધારાસભ્ય ઉપર ગુરૂવારે ઈંડા ફેંકવાનો ધૃણાસ્પદ બનાવ સામે આવ્યો હતો. જોકે આ સમગ્ર ઘટના ધારાસભ્ય સામે ષડયંત્રના ભાગરૂપે આયોજન પૂર્વક ઘડવામાં આવી હતી. ધાન્યધરાની ધરતી ઉપર ઈંડા ફેંકવાની ઘટના વડગામના નાગરિકોની અસ્મિતા ઉપર ઘા સમાન બની ગઈ છે.

રાજયમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સ્વાભાવિક રાજકારણીઓ ઉપર આક્ષેપ પ્રતિઆક્ષેપ થતા રહે છે. જોકે પક્ષમાં જ અશસ્તિ બીજ છેલ્લા એક વર્ષથી વડગામ કોંગ્રેસમાં રોપાયા હોવાનું બહાર આવ્યું છે. ધારાસભ્યની કામગીરીથી લોકોને નારાજગી હોઈ શકે પરંતુ પક્ષમાં લોકોની નારાજગી નિરાશાની વાતના બહાના હેઠળ ષડયંત્રના ઈંડા ફેંકવાની ઘટના તાલુકાની અસ્મિતા ઉપર ઘા સમાન બની ગઈ છે. વડગામના ધારાસભ્ય તાલુકાના મતદારો તેમજ નાગરિકોની વેદનાને ન્યાય આપવા સતત કાર્યશીલ રહ્યા છે. જોકે આ ઈંડા ફેંકવાની ધૃણાસ્પદ ઘટના રાજકીય ષડયંત્રનો ભાગ હોવાનું લાગી રહ્યું છે. ચૂંટણી સમયે રાજકીય આગેવાનો, નેતાઓ સામે અલગ અલગ પ્રકારે સત્તાધારી તેમજ વિપક્ષો દ્વારા સામસામે વિરોધ થતા રહે છે. જોકે વડગામ ધારાસભ્ય મણીલાલ વાઘેલા ઉપર ફેંકાયેલ ઈંડાનો બનાવ તેઓની કોંગ્રેસ પાર્ટીમાંથી બનેલ જે નિંદનીય છે. આ ઈંડા ફેંકવાની ઘટના વડગામ ધારાસભ્યની નિષ્ઠા, પ્રમાણિકતા અને પાર્ટી પ્રત્યેની વફાદારી ઉપર કુઠારાઘાત સમાન હોવાનું જણાઈ આવે છે.

**જર-જમીનને જોરૂ ત્રણે કજિયાના છોરૂ**

## હરદેવાસણામાં જમીનની તકરારમાં નાનાભાઈનો મોટાભાઈ પર ચપ્પા વડે હુમલો

(તા.પ્રતિ.) વડગામ

બનાસકાંઠાના વડગામ તાલુકાના હરદેવાસણા ગામે નાના ભાઈએ મોટાભાઈ પર ચપ્પા વડે હુમલો કરી દેતા ઘાયલને સારવાર અર્થે વડગામ બાદ પાલનપુર સિવિલ મા ખસેડાયો હતો.

હરદેવાસણા ગામે ખેતર ખેડી રહેલા શમશુદ્દીન ઈબ્રાહિમભાઈ જુણકીયા પર નાના ભાઈએ જમીનની તકરારમાં ચપ્પા વડે હુમલો કરી દેતા ગંભીર હાલતમાં સિવિલમાં ખસેડાયા હતા. જોકે, પતિના બચાવમાં વચ્ચે પડેલી ઈજાગ્રસ્તની પત્નીને પણ

અનુસંધાન પાના નં.૬

## લાખણીના કોંગ્રેસ કાર્યકર દ્વારા દિયોદર પીએસઆઇ, રાજ્યમંત્રીના પુત્ર સહિત ચાર વિરૂધ્ધ લેખિત રજૂઆત

**નર્મદા રથ ઉપર સરદારના પોસ્ટર લગાવવા બાબતે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઇ હતી**

(પ્રતિ.) લાખણી

લાખણી તાલુકાના લવાણા ગામે બુધવારે યોજાયેલા નર્મદા મહોત્સવના રથ ઉપર કોંગ્રેસના કાર્યકરો દ્વારા સરદાર પટેલના પોસ્ટર લગાવવા બાબતે દિયોદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.એ કોંગ્રેસના કાર્યકરોને પકડી રાખી રાજ્યમંત્રી કેશાજી ચૌહાણના પુત્ર, જિલ્લા ભાજપ મંત્રી, લાખણી તાલુકા પંચાયતના પ્રમુખના પતિએ માર મારી કપડાં ફડાવી નાખવાની ઘટના બનતા કોંગ્રેસ કાર્યકરે દિયોદર પોલીસ સ્ટેશને ફરિયાદ દાખલ કરાવવા માટે લેખિત રજૂઆત કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

લાખણી તાલુકાના લવાણા ગામે બુધવારની બપોરના સમયે નર્મદા મહોત્સવ રથ ઉપર સરદાર પટેલના પોસ્ટર લગાવી જય સરદાર - જય ગુજરાતના નારા લગાવતા કોંગ્રેસના કાર્યકર શ્રવણભાઇ દવેને દિયોદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. આર.બી. વાઢીયા એ પકડી ભાજપના ધારાસભ્ય અને રાજ્યમંત્રી કેશાજી ચૌહાણના પુત્ર દિલીપ ચૌહાણ જિલ્લા ભાજપ મંત્રી ટી.પી. રાજપૂત તથા લાખણી તાલુકા પંચાયતના પ્રમુખના પતિ સવજીભાઇ ચૌહાણને સોંપતા તેઓએ શ્રવણભાઇ દવેને ટી-શર્ટ ફડાવી ગળું દબાવી જાનથી મારી નાખવાની કોશિશ કરતો અને આ સમયે બીજા સાતથી આઠ જણના ટોળાએ શ્રવણ દવે અને કુલદીપ ગોસ્વામી ઉભા થયા છે અને તેઓ ભાજપ વિરુદ્ધ દેખાવો કરે છે તેઓને મારો જેવી ઉશ્કેરણી કરતા ત્યાર બાદ દિયોદર પી.એસ.આઇ. એ ભાજપના

અનુસંધાન પાના નં.૬

**આ ઘા રે જો...વિકાસ ગાંડો થયો છે....**

## ધાનેરા મામલતદાર કચેરીનું સમારકામ છતાં ખાડાઓ યથાવત

**પી.ડબલ્યુ.ડી. વિભાગે સમારકામ ખર્ચના બિલો ઉધારી દીધા**


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા મામલતદાર કચેરીમાં પૂરનું પાણી ફરી વળતા તળીયા તૂટી ગયા હતા. જેનું પી.ડબલ્યુ.ડી. વિભાગ દ્વારા સમારકામ કરાવી ખર્ચનું બિલ પણ ઉધારી દેવાયું છે. પરંતુ કચેરીના તળીયાના ખાડા યથાવત જોવા મળી રહ્યાં છે. જેથી સમારકામમાં આચરાયેલ ગેરરીતીઓનો પર્દાફાશ થવા પામ્યો છે. ગત જુલાઈ મહિનાની ઉત્તરાર્ધમાં ધાનેરામાં ભયાનક પૂર આવ્યું હતું. તેથી આખુ નગર બેટમાં ફેરવાઈ ગયું હતું. પૂરના પાણી અન્ય સરકારી કચેરીઓની જેમ મામલતદાર કચેરીમાં પણ ઘુસી ગયું હતું. જેથી સાધનસામગ્રીને

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠા જિલ્લામાં તા.૨૦, ૨૧ અને ૨૨ ના રોજ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં તા.૨૦, ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરના રોજ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે. તા. ૨૦ ના રોજ થરાદ મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રી શંકરભાઇ ચૌધરી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજય મંત્રી કેશાજી ચૌહાણની ઉપસ્થિતિમાં દિયોદર, લાખણી, ભાભર, સૂઈગામ, વાવ અને થરાદ તાલુકાઓ તથા ભાભર અને થરાદ નગરપાલિકા વિસ્તારનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે. તા.૨૧ ના રોજ ધાનેરા મુકામે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજય મંત્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને ડીસા, કાંકરેજ,

અનુસંધાન પાના નં.૬

## દીઓદરના ડોક્ટર સામે સણાવની મહીલાએ ફરિયાદ નોંધાવી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ડોક્ટરનો વ્યવસાય એ સેવા સાથે જોડાયેલો છે. ત્યારે કેટલાક ડોક્ટરો દ્વારા ગરીબ પ્રજાના ગરીબીનો ગેરલાભ ઉઠાવી તેની સાથે કરાતા અડધુત વ્યવહારોથી આમ જનતા હેરાન પરેશાન થઈ જાય છે.દીઓદર તાલુકાના સણાવ ગામના રહીશ સવિતાબેન રાજાજી અમરસિંહ ઠાકોરે દીઓદર પોલીસને આજરોજ લેખતી ફરિયાદ આપેલ કે દીઓદરમાં દેના બેંકની બાજુમાં આવેલ ચામુંડા કલીનીક નામનું દવાખાનું ચલાવતા ડો.સુરેશભાઈ માળી એ આજરોજ હું સાંજના સુમારે મારા પુત્ર સંજય રાજાજી ઠાકોર (ઉ.વ.૧૧) ને લઈને ડો સુરેશ માળીના દવાખાને આવી હતી અને કેસ કઢાવેલ હતો અને ડોક્ટર સાહેબે સારવાર કરેલી ન હતી અને મને રૂા.૫૪૦/- થાય છે તો મેં કહેલ કે મારી પાસે પૈસા નથી મારે દવા કરાવવી નથી.તેમ કહેતાં ડોક્ટરે મારા દિકરાને પકડેલ તે વખતે હું મારા દિકરાને છોડાવવા જતાં ડોક્ટર સાહેબે મને ધક્કા મુક્કી કરેલ હતી.મેં બુમો પાડતાં ઘણા માણસો ભેગા થયેલ થઈ ગયા હતા.તો આ બાબતે મેં દીઓદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.આ અંગે પોલીસે ડોક્ટરને દીઓદર પોલીસ મથકે લાવી પુછપરછ હાથ ધરી હતી.જયાં આ ઘટનાની જાણ દીઓદરમાં ડોક્ટરના સમર્થકોને થતાં મોટી સંખ્યામાં દીઓદર પોલીસ મથકે ઉમટી પડેલ અને સમાધાન ના પ્રયાસો હાથ ધરેલ પરંતુ આ લખાય છે ત્યાં સુધી કોઈ જ સમાધાન થવા પામેલ નથી.લોકોના જણાવ્યા મુજબ આ ડોક્ટરે અગાઉ કેટલાય દર્દીઓ સાથે તોછડુ વર્તન કરેલ હોવાનું જાણવા મળેલ છે.

દીઓદરમાં કેટલાક ડોક્ટરો દ્વારા પ્રજાની સારી

અનુસંધાન પાના નં.૬

## પૂરની પરિસ્થિતિમાં સુરત (લીંબાયત વિસ્તાર)ના ધારાસભ્યની વાવ-પંથકમાં સરાહનીય કામગીરી


વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

૨૦૧૨ માં સુરત શહેરના લીંબાયત ૧૬૩ વિસ્તારમાંથી જંગી બહુમતીથી ભા.જ.પાટ-ીમાં ચૂંટાયેલા ધારાસભ્ય સંગીતાબેન પાટીલે તેમના વિસ્તારમાં ૨૦૧૨ થી ૨૦૧૭ દરમિયાન વહીવટના વિકાસના કામોમાં અગ્રેસર રહેતા તેમની બેસ્ટ એમ.એલ.એ.તરીકેની પસંદગી થતાં રાજકીય એવોર્ડ પણ એનાયત થયો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. તાજેતરમાં જુલાઈ ૨૦૧૭ માં વાવ-કાંકરેજ પંથકમાં પૂર આવતા સુરત શહેર વિસ્તારના ધારાસભ્ય સંગીતાબેન પાટીલે

અનુસંધાન પાના નં.૬

## ડીસામાં કચ્છ સરહદથી દિલ્હી નીકળેલી આરએએફની સાયકલ યાત્રાનું સ્વાગત


ભરત સુંદેશા

ડીસા

કચ્છ સરહદે થી દિલ્હી જવા નીકળેલી આરએએફના જવાનો ની સાયકલ યાત્રા ડીસા આવતા તેનું સ્વાગત કરાયું હતું.

દેશના અગ્રીમ હરોળના સુરક્ષા દળ રેપીડ એક્શન ફોર્સની સ્થાપનાના ૨૫ વર્ષ પુરા થતા અત્યારે રેપીડ એક્શન ફોર્સ દ્વારા રજત જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત કચ્છની પાકિસ્તાન સરહદ પર આવેલી સરદાર

અનુસંધાન પાના નં.૬

**ડીસા નગર સેવા સદન**

**ટેન્ડર નોટીસ નં.૪૭**

**(બીજી વખત)**

આથી જાહેર બાંધકામ વિભાગના માન્ય કોન્ટ્રાકટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરોને જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારમાં 'અમૃત યોજના ૨૦૧૭-૧૮' હેઠળ અલગ અલગ વિસ્તારમાં અર્બન ટ્રાન્સપોર્ટેશન/ફૂટપાથના રૂા.૨૧૬.૮૯ લાખના કામો કરાવવાના હોઇ આ અંગે ઇ-ટેન્ડરીંગથી (બીજી વખત) ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે વિગતવાર માહિતી www.nprocure.com ઉપર મેળવવા વિનંતી છે.

નં.ન.પા.બાંધકામ/અમૃત/ઇ-ટેન્ડર/વશી સને ૨૦૧૭/૧૮

નગરપાલિકા કચેરી

ડીસા તા.૧૬-૦૯-૨૦૧૭

મુખ્ય અધિકારી

ડીસા નગરપાલિકા



## તંત્રી સ્થાનેથી ...

rð ï kMkLkk y¼kð yI y¿kkLkíkk A.

## પાક.ને સહાય ન કરવાનો અમેરિકા અને વર્લ્ડ બેંકનો નિર્ણય

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પાકિસ્તાનને અનેકવાર આતંકવાદને મદદ કરવાનું બંધ કરવાનું જણાવ્યું છે. છતાં પાકિસ્તાને તેની કટ્ટર નીતિ જારી રાખી છે. અમેરિકાએ પાકિસ્તાનને આર્થિક રીતે ઘણી સહાય કરી છે. પરંતુ એ સહાયના તમામ નાણાં ત્રાસવાદીઓને મદદ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતા હોય છે. જો કે હવે સહાયમાં ઘટાડો કરવા અમેરિકાની સરકાર ઈચ્છી રહી છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ ઓબામાએ અગાઉ પાકિસ્તાનને ભારત સાથે વ્યાપારી સંબંધો અનુકુળ બનાવવા હોય તો પોતાના દેશમાંથી આતંકવાદનો સફાયો કરે તેવી ટકોર કરી હતી.

હમણાં થોડા સમય અગાઉ અમેરિકાના સંરક્ષણ મંત્રીએ વોશિંગ્ટનની મુલાકાત દરમ્યાન આતંકવાદ બાબતે હવે પાકિસ્તાનને ઐતિહાસિક નિર્ણય લેવા પર ભાર મુક્યો હતો. જો પાકિસ્તાન આતંકવાદીઓને આશ્રય આપવાનું બંધ કરે તો આજે ઘણા બધા પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. બાદમાં ભારત અને અમેરિકા પણ પાકિસ્તાનને સહાયરૂપ થઈ શકે.

આશ્ચર્યની બાબત એ છે કે પાકિસ્તાન રહેતા કેટલાક ત્રાસવાદી સંગઠનો અફઘાનિસ્તાનમાં પણ આતંકી પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે. અમેરિકાના પત્રકારો પણ હવે પાકિસ્તાનની ધરતી પર પગ મુકવા રાજી નથી. પાકિસ્તાનની મસ્જીદોમાં જે ત્રાસવાદીઓ દ્વારા હુમલા થાય છે. તેમાં માત્ર નિર્દોષ નાગરિકો જ હોમાય છે. નમાજ પઢવા ગયેલા અનેક પાક. નાગરિકો ત્રાસવાદીઓનું નિશાન બન્યા છે. ત્રાસવાદીઓમાં માનવતાનું એક ટીપું પણ નથી રહ્યું.

પાકિસ્તાનમાં તાલિબાન સંગઠનની પ્રવૃત્તિઓથી અમેરિકા અને ભારત વાકેફ છે. તાલિબાન હજુ પણ અફઘાનિસ્તાનમાં નિર્દોષ લોકોને નિશાન બનાવે છે. શાળાઓમાં બોમ્બ ધડાકા કરે છે અને બાળકો પણ હોમાય છે. આ માનવ ખુમારીને રોકવા અમેરિકા ચોક્કસ પગલાં ભરશે તેમ સંરક્ષણ મંત્રીએ ભારપૂર્વક જણાવેલ છે.

પાકિસ્તાનની કટ્ટર નીતિના કારણે છેલ્લે યોજાયેલી સાર્ક બેઠક પણ નિષ્ફળ નિવડી હતી. અને વિશ્વમાં પાકિસ્તાને બદનામી વહોરવી પડી. તેમ છતાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શરીફ એવું કહેતા ફરે છે કે સાર્ક બેઠક નિષ્ફળ નિવડી તેમાં અમને કોઈ અફસોસ નથી. ફરી ગમે ત્યારે આ બેઠક મળશે અને પાકિસ્તાન તેના પ્રશ્નો ચોક્કસપણે રજુ કરશે.

ત્યારે બીજી તરફ પાકિસ્તાનને એક નેચરલ ગેસ એફિશિયન્સી પ્રોજેક્ટ માટે ૬૭૫ કરોડની લોન આપવાનો વર્લ્ડ બેંકે ઈન્કાર કરી દીધો છે, કેમ કે પાકિસ્તાન તેના કોઈ પ્રોજેક્ટમાં પ્રગતિ કરી શક્યું નથી. જેથી લોન આપવાનો વર્લ્ડ બેંકે નન્નો ભણી દીધો છે. તેમજ અમેરિકા પણ હવે કોઈ સહાય કરવા ઈચ્છતું નથી. પાક.ને તેના કાર્યો નડી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર પાકિસ્તાન હાલમાં અટુલું પડી ચૂક્યું છે. અમેરિકાની નવી સરકાર તરફથી હાલમાં પાકિસ્તાનને એક પાઈની પણ મદદ મળી શકે તેમ નથી.

વળી પાકિસ્તાનના પ્રવક્તા નફીસ જકરિયા એવું જુઠ્ઠાણું ચલાવી રહ્યા છે કે અમે કાશ્મીર બાબતે વિચાર વિમર્શ માટે ભારત સાથે મંત્રણા ઈચ્છીએ છીએ પરંતુ ત્યાંની સરકારનો સાથ મળતો નથી, મુળ હકીકત એવી છે કે ભારતે પાક.ને આતંકવાદનો સફાયો જ્યાં સુધી ન થાય ત્યાં સુધી મંત્રણા થઈ શકે નહિં તેવી સ્પષ્ટ વાત જણાવી છે છતાં પાક.ને તે મંજુર નથી.

## કલ્ટ એ સ્ટ્રોંગ બિલ્ટ અને દેખાવમાં સ્ટાઈલીશ પાવર પેકડ કલ્ટ ગ્લેડિએટરને એમેઝોન.ઈન પર એકસકલુઝિવરીતે રજુ કર્યો



અત્યાધુનિક ટેલિકોમ બ્રાન્ડ કલ્ટ એ શક્તિશાળી ફિચર્સવાળો અને આકર્ષક ૪જી-વોલ્ટસક્ષમ સ્માર્ટફોન 'કલ્ટ ગ્લેડિએટર' ને એમેઝોન.ઈન પર માત્ર રૂ.૬,૯૯૯ ની કિંમતે રજુકર્યો છે, જે ૨૪ સપ્ટેમ્બરથી ઉપલબ્ધ થશે. ગ્રાહકો તેનું બુકિંગ આજથીએમેઝોન.ઈન પર કરાવી શકે છે. કલ્ટ ગ્લેડિએટરમાં શાનદાર કેમેરો,પાવરફૂલ બેટરીઅને સારા ડિસ્પ્લે ફિચર્સ છે. કલ્ટ ગ્લેડિએટરમાં ૨.૫ ડી કર્વ્ડ ગ્લાસ સાથે ઓનસેલ એચડી આઈપીએસ ડિસ્પ્લે સાથેનો ૫.૫ ઈચનો સ્ક્રીન છે જે ગ્રાહકોનેજોવાનો સારો અનુભવ પ્રદાન કરે છે. કલ્ટ ગ્લેડિએટરમાં ૧.૨૫ ગીગાહર્ટ્સ ૬૪ બિટસમીડિયા ટેક કવાડ કોર પ્રોસેસર સાથે એઆરએમ માલી ૬૫૦ મેગા હર્ટ્સ જીપીયુ અને ૩ જીબી રેમ સાથે ૩૨ જીબી રોમ (જેને વધુ ૩૨ જીબી વિસ્તારી શકાય છે - ૩ સ્લોટઃ૨ સ્લોટ સીમ + ૧ માઈક્રો એસડી સ્લોટને સપોર્ટ કરે છે.) છે જેના દ્વારા હાઈએન્ડ ગેમ્સ રમવા, વીડિયો જોવા અને મલ્ટી ટાસ્કીગનું જોરદાર પરફોર્મેન્સમળે છે. તેમાં ફિંગરપ્રિંટ સેન્સર છે જે ડિવાઈસને અનલોક કરવા સાથે કોલનોજવાબ આપવા, મ્યુઝિક અને મુવી પ્લે/પોઝ કરવા, એલાર્મ ઓફ કરવા કે પેજ સ્ક્રોલકરવાને સરળ બનાવે છે.

## ફુલર્ટન ઈન્ડિયાએ તેની પર્સનલ લોન્સ માટે વિશેષ ફેસ્ટિવલઓફર રજૂ કરી

અમદાવાદ

ભારતભરમાં મજબૂત હાજરી સાથેની અગ્રણી નોન- બેન્કિંગ નાણાકીય કંપનીફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ (ફુલર્ટન ઈન્ડિયા) અમદાવાદમાં વિશેષ તહેવારની લોન ઓફર રજૂ કરી રહી છે,જે ૧૫થી ૨૦ સપ્ટેમ્બર સુધી મર્યાદિત સમયગાળા માટ મળી શકશે. નોકરિયાત વ્યાવસાયિકો અને સ્વરોજગારીવ્યક્તિઓ માટે લોનના દર ૧૦૦ બીપીએસથી ઘટાડાયા છે, જ્યારે પ્રોસેસિંગ ફીમાં ૫૦ ટકા ઘટાડો કરાયો છે.આ મર્યાદિત સમયગાળાની ઓફર તેના નવા અને મોજૂદ ગ્રાહકો એવા નોકરિયાત તેમ જ સ્વરોજગારી વ્યક્તિઓનેલાગુ થશે, જેમાં લોન રૂ. ૫૦,૦૦૦થી લઈને રૂ. ૫૦ લાખ સુધી મળી શકશે. આ ઓફર ખાસ ફુલર્ટન ઈન્ડિયાનીઅમદાવાદ શાખા, જ્યુપિટર હાઉસ, મણિનગરમાં જ ઉપલબ્ધ થશે.` અમદાવાદ દેશનાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતાં શહેરમાંથી એક છે, જેથી ઘણા લોકો અહીં સ્થાયીથવાનું વિચારે છે. અમને તહેવારની મોસમ પૂર્વે પર્સનલ લોન્સની માગણીમાં વધારો જોવા મળ્યો છે અને તેથી અમેઆ મોસમમાં ગ્રાહકોને તેમના ફાઈનાન્સનું નિયોજન કરવા અને તેમાં કાપ મૂક્યા વિના ખર્ચ કરવા માટે મદદરૂપ થવાવિવિધ તહેવારની ઓફરો લઈને આવ્યા છીએ.ફુલર્ટન ઈન્ડિયા તેની ડિજિટલ અસ્કયામતોના વિકાસ થકી ગ્રાહક અનુભવ સુધારવા માટે વચનબદ્ધ છે. કંપીએ હાલમાં જ ફુલર્ટન ઈન્ડિયા આશા લોન્ચ કર્યાની જાહેરાત કરી છે, જે ફેસબુક મેસેન્જર પર ઉપલબ્ધ સેલ્ફ- લર્નિંગચેટબોટ છે, જે ગ્રાહકોને લોન માટે અરજી કરવા, દસ્તાવેજો સુપરત કરવા અને લોનની મંજૂરી પ્રાપ્ત કરવા માટે ઈન્ટરએક્ટિવ માધ્યમ પ્રદાન કરે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

## ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## કોલમનું ટાઇટલ :- શેરબજારમાં સ્ટોક સ્પેસિફિક રેન્જબાઉન્ડ મુવમેન્ટ નોંધાશે ...!!!

### ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય :૧૮.૦૯.૨૦૧૭ થી ૨૨.૦૯.૨૦૧૭

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

શેરબજારમાં સ્ટોક સ્પેશીફીક તેજીની આગેકૂચ રહી હતી. અમેરિકન સ્ટોક માર્કેટ અને યુરોપિયન સ્ટોક માર્કેટનીમજબૂતી પાછળ એશિયાઈ શેરબજારમાં તેજી તરફી નવા વિશ્વાસનું વાતાવરણ સર્જાયું હતું અને તેજીવાળાખેલાડીઓએ સ્ટોક સ્પેશીફીક નવી લેવાલી ચાલુ રાખી હતી. અમેરિકામાં આવેલ ઈરમા વાવાઝોડું નબળુ પડીગયું છે તેમજ ઉત્તર કોરિયા પર પ્રતિબંધને લઈને અમેરિકાએ કુણું વલણ રાખ્યું છે જે સમાચારને પગલેઅમેરિકી સ્ટોક માર્કેટમાં તેમજ રોકાણકારોમાં નવા વિશ્વાસનું વાતાવરણ સર્જાયું હતું. પરિણામે વિશ્વનાસ્ટોક માર્કેટમાં તેજીનો ઉત્સાહ જોવા મળ્યો હતો. નોર્થ કોરિયાએ અમેરિકાને ધમકી આપી છે કે જો નવા પ્રતિબંધ લદાશે તો અમેરિકાએ નહી જોયો હોય તેવો વિનાશ થશે જે નેગેટીવ સમાચાર હોવા છતાં વિશ્વના બજાર પર કોઈ અસર જોવા મળી નથી. માર્કેટનું સેન્ટિમેન્ટ ફરીથી તેજીમય થઈ ગયું હતું. ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી) પદ્ધતિના અમલ બાદ અને તહેવારોની મોસમ પહેલા રિસ્ટોકિંગ શરૂ થવાને કારણે દેશમાં ઉત્પાદન પ્રવૃતિમાં વેગ આવશે અને તેને કારણે દેશનો આર્થિક વિકાસ દર વર્તમાન નાણાં વર્ષમાં૭.૧૦ % રહેવાની નોમુરાએ ધારણાં મૂકી છે. જીએસટી બાદ રિસ્ટોકિંગ શરુ થતા આવનારા ત્રિમાસિક ગાળાઓમાં ઓદ્યોગિક ઉત્પાદનમાં ઝડપ આવવાની સંભાવના છે. જીએસટીના અમલીકરણ પહેલા ગ્રાહકો દ્વારા ખરીદી ઢીલમાં મુકાતા મોટે પાયે ડીસ્ટોકિંગ જોવાયું હતું. હવે જીએસટીનો અમલ થઈ ગયો છે અનેમાગમાં વધારો થવાની અપેક્ષા વચ્ચે માલસામાનનો ફરી સ્ટોક ઊભો કરાઈ રહ્યો છે. હાલમાં ચાલી રહેલી રિમોનિટાઈઝેશન પ્રક્રિયાની રોકડ આધારિત સેવા ક્ષેત્રો પર હકારાત્મક અસર જોવા મળી શકશે જેને કારણે વિકાસ આંક ઊંચે જવામાં મદદ મળશે એકંદરે આર્થિક વિકાસ દરમાં વાર્ષિક ધોરણે ૭.૧૦ %ની વૃદ્ધિરહેવાની અપેક્ષા રાખી રહ્યા છીએ. ઓગસ્ટ મહિનામાં જથ્થાબંધ ભાવાંક ઉઁ ઓગસ્ટ આધારિત ફુગાવાનો દર વધીને ૩.૨૪% ની ૪ મહિનાની ઊંચી સપાટીને સ્પર્શી ગયો છે. જુલાઈમાં ઉઁ માત્ર ૧.૮૮% હતો જ્યારે એક વર્ષ અગાઉના સમાનગાળામાં ૧.૦૯ % હતો. આ અગાઉ એપ્રિલ મહિનામાં પણ ફુગાવાનો દર આટલી ઊંચી સપાટીએ જોવા મળ્યો હતો. એપ્રિલમાં જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવાનો દર ૩.૮૫% નોંધાયો હતો.સરકારે જારી કરેલા સત્તાવાર આંકડા અનુસાર ખાદ્ય પદાર્થોના ભાવમાં ઓગસ્ટ મહિનામાં ૫.૭૫% ની વૃદ્ધિ જોવા મળી હતી જે, જુલાઈની ૨.૧૫% ૨.૧૫ની વૃદ્ધિનીસરખામણીમાં ઘણી વધારે છે. આ ઉપરાંત ઓદ્યોગિક ઉત્પાદન આંક **(IIP)** પણ માત્ર ૧.૦૨% રહ્યો હતો જે, મેન્યુફેક્ચરિંગ સેક્ટરના નબળા દેખાવનો નિર્દેશ આપે છે.ગયા મહિને ભારતીય રિઝર્વ બેન્કે ફુગાવાનુંજોખમ ઘટ્યું હોવાની ધારણાએ પોલિસી દરમાં ૦.૨૫ % નો કાપ મૂક્યો હતો. છેલ્લા ૧૦ મહિનામાંપ્રથમવાર રેટમાં કાપ મૂકીને ત્યારે રિઝર્વ બેન્કે ચાવીરૂપ વ્યાજદરને ૭ વર્ષની નીચી સપાટીએ લાવી દીધા હતા.

### વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, વૈશ્વિક સ્તરે ભૂ-રાજકીય જોખમમાં ઘટાડાની સાથે નિફ્ટી ૧૦૦૦૦ના સ્તરને પાર કરી ગયો છે અને૯૯૬૦ થી ૯૮૭૦ પોઈન્ટ ની સ્ટ્રોંગ સપોર્ટની સપાટીએ જળવાઈ રહેશે તો નજીકના ગાળામાં અંદાજીત ૧૦૩૦૦ થી ૧૦૬૦૦ પોઈન્ટ આસપાસ ટ્રેડ કરે તેમ લાગે છે.વૈશ્વિક બજારો અને ખાસ કરીને અમેરિકાનાબજારને વેગ આપનારું બીજું પરિબળ ચક્રવાત ઈરમા છે. ઈરમાની અસર ધારણા જેટલી વિનાશકારી રહી નથીઅને હવે આ વાવાઝોડાને કેટેગરી વનમાં મૂકવામાં આવ્યું છે. તેથી વધુ રિલીફ રેલીની ધારણા છે. મિડ-કેપ શેરોરોકાણકારોને ઉત્સાહમાં લાવી રહ્યા છે કારણ કે બીએસઈ મિડ-કેપ ઈન્ડેક્સ આ સપ્તાહના અત્યાર સુધીનાસર્વોચ્ચ સ્તરે સ્પર્શ્યો હતો. વેલ્યુએશન ઊંચું હોવા છતાં રોકાણકારો મિડ-કેપ શેરો તેમજ પબ્લિક ઈસ્યુ તરફધસારો કરી રહ્યા છે. બજાર સાંકડી કોન્સોલિડેશન રેન્જમાંથી અપસાઈડ બ્રેકઆઉટ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે.આ ઉપરાંત આ અપટ્રેન્ડની સાથે ઓપન ઈન્ટરેસ્ટમાં વધારો થયો છે, જે દર્શાવે છે કે નવી લોંગ પોઝિશનમાંવધારો થયો છે. મારું માનવું છે કે મજબૂત આંતરપ્રવાહ ચાલુ રહેશે અને ઔદ્યોગિક ઉત્પાદન અને ફુગાવાના ડેટાબજારની ભાવિ દિશા નક્કી કરશે તેમજ જીએસટીના અમલ અને નોટબંધીને કારણે ઔદ્યોગિક ઉત્પાદનમાંનરમાઈની ધારણા હતી તે ધીરે ધીરે દુર થઈ જશે. ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઇ) આગામી મહિને વ્યાજદરનો નિર્ણય કરે તે પહેલાં ફુગાવામાં વધારો થવાની ધારણા છે. હાલમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ના આઉટફ્લોની ચર્ચા થાય છે પરંતુ એકંદર ઈક્વિટી નાણાપ્રવાહને ધ્યાનમાં રાખવામાં આવે તોએફઆઈઆઈનો નાણાપ્રવાહ હકારાત્મક રહયો હતો. તેઓ સેકન્ડરી માર્કેટમાં વેચવાલ હોઈ શકે છે પરંતુ પ્રાઈમરીમાર્કેટ અથવા ક્યુઆઈપીમાં રોકાણ કરે છે. આપણે ચાલુ કેલેન્ડર વર્ષના માત્ર બે મહિનામાં આઉટફ્લો જોવા મળ્યો છે જે હજુ પણ હકારાત્મક છે. ઓઈલ - ગેસ શેરો ફોકસમાં છે અને ટૂંકા ગાળાની ટ્રેડિંગ તક છે. ભારતે ભાવ સંવેદી ઘરેલુ ગ્રાહકો માટે આયાતી ઈંધણની એફોર્ડેબલ બનાવવા માટે ઓસ્ટ્રેલિયા સાથે આયાતીલિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)ના ભાવ અંગે ફરી મંત્રણા કર્યા બાદ ગેસ શેરોમાં રોકાણકારોના રસમાંવધારો થયો છે.મારા મતે ઓપ્શન ડેટા સંકેત આપે છે કે ટૂંકા ગાળામાં બુલિશ મોમેન્ટમ ચાલુ રહેશે. ટ્રેડિંગસેશનમાં ૯૯૦૦-૧૦૦૦૦ના કોલ ઓપ્શનમાં શોર્ટ કવરિંગ જોવા મળ્યું હતું. આની સાથે ૧૦૦૦૦ના ઓપ્શનમાં નવા પુટ રાઈટિંગ જોવા મળ્યા હતા. હાલના સ્તરથી નિફ્ટીમાં આગેકૂચ થવાની મને ધારણા છે તેઅગાઉના ઊંચા સ્તરે ફરી સ્પર્શ કરે અને નવી ઊંચાઈ બનાવે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૧૧૩૨૫.૨૮ કરોડની વેચવાલી, જાન્યુઆરી ૨૦૧૭ અંદાજીતરૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાંઅંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ૩૧ ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૦૪૩.૫૮ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૯૧૩૬.૦૯ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડનીખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ૩૧ ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૫૬૫૧.૫૦ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, મેક્રો-ઈકોનોમિક ડેટા તેમજ વિદેશી મૂડીરોકાણનો પ્રવાહ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર અસર કરશે અનેભારતીય ઈક્વિટી માર્કેટની ભાવિ દિશા નક્કી કરશે આ ઉપરાંત કોરિયાને લગતો ભૂ-રાજકીય તણાવ, ડોલર સામે રૂપિયાની ચાલ અને નોન પર્ફોમિંગ એસેટ્સ **(NPAs)** ની સમસ્યાના ઉકેલ અંગેના સરકારના પ્રયાસો જેવા પરિબળો પણ શેરબજારની ચાલ પર અસર કરશે. રોકાણકારો ફુગાવાના તેમજ ઔદ્યોગિક ઉત્પાદનના આંક પરથી સંકેત મેળવવાના પ્રયાસ કરશે. આ મેક્રો ડેટાથી અર્નિંગ ગ્રોથ અંગેનો ક્યાસ કાઢવાની કવાયત પણ થશે. મેક્રો ડેટા ઉપરાંત જીઓ પોલિટિકલ ડેવલપમેન્ટ્સ તેમજ સ્થાનિક રોકાણની ગતિ ધીમી પડી હોવાથી બજારમાં વત્તે ઓછે અંશે ટ્રેડરોમાં ગભરામણ જોવા મળી રહી છે. કોરિયાના તણાવ પર રોકાણકારો ખાસ નજર રાખશે. વિદેશી રોકાણપાછું ખેંચાઈ ગયા બાદ સ્થાનિક નાણાકીય સંસ્થાઓના રોકાણમાં પણ ઘટાડો જોવાયો હતો.હાલમાં **PE**વિસ્તરણને કારણે ઊંચું મૂલ્ય જોવા મળી રહ્યું છે તે હવે ટકી શકે તેમ લાગતું નથી એમા પણ સ્થાનિક નાણાસંસ્થાઓનું રોકાણ ઘટતાં થોડી ચિંતા વધી છે. મિત્રો, મૂડીરોકાણ ઉપરાંત રોકાણકારો ભારતીય ચલણની ચાલ પર પણ નજર રાખે તેવી શક્યતા છે. અમેરિકન ડોલરની સરખામણીમાં ભારતીય રૂપિયો ગત સપ્તાહે અંદાજીત ૨૩ પૈસા મજબૂત થયો હતો અને ગત સપ્તાહના અંદાજીત ૬૪.૦૨-૦૩ના બંધ ભાવની સરખામણીમાં સુધરીને૬૩.૭૯ના સ્તરે આવી ગયો હતો. પ્રોત્સાહક મેક્રો ડેટા અને પોઝિટિવ રિસ્ક એન્વાયર્મેન્ટ રૂપિયાને વધુ મજબૂતબનાવી શકે તેમ છે અને નજીકના ભવિષ્યમાં રૂપિયો અંદાજીત ૬૩.૭૦.૨૦ની રેન્જમાં રહેવાની ધારણા છે, ટેકનિકલ રીતે જોતાં નિફ્ટી હાલમાં કોન્સોલિડેશનના તબક્કામાં છે અને તે ટેકનીકલી લેવલમાં જોઈએ તો ૯૯૩૦ થી ૧૦૩૦૦ પોઈન્ટ ની એક ટ્રેડીંગ રેન્જમાં અથડાય તેવી ધારણા છે.

ખેર, મિત્રો દરેક ઘટાડે તબક્કાવારની ખરીદી અને દરેક ઉછાળે તબક્કાવાર નફો બુક કરતા રહેશો.....!! યાદ રાખો....તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર....!!!!

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ .....!!!!





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૧૧/૦૯/૨૦૧૭ ના રોજ ૯૯૯૫ પોઈન્ટ ખુલીને ૯૯૮૫ પોઈન્ટના નીચા મથાળેથી ૧૦૧૪૪પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૫૯ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૪૫ પોઈન્ટના ઉછાળે ૧૦૦૯૫ પોઈન્ટ બંધ થયેલ...!!!





**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજ ૨૪૪૯૯ પોઈન્ટ ખુલીને ૨૪૪૬૧ પોઈન્ટના નીચા મથાળેથી ૨૪૯૬૨ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૫૦૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૪૭૦પોઈન્ટના ઉછાળે ૨૪૮૪૫ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૦૯૫)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૪૭ પોઈન્ટના પ્રથમ અને૧૦૧૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૦૦૩ પોઈન્ટથી ૯૯૭૩ પોઈન્ટ, ૯૯૬૦પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૧૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૪૮૪૫)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૬૬૦ પોઈન્ટના પ્રથમઅને ૨૪૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૪૯૭૦ પોઈન્ટથી ૨૫૦૭૭ પોઈન્ટ,૨૫૧૫૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૧૫૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ફ્યુચર રોકાણ સંદર્ભે સ્કીપો ધ્યાને લઈએ તા

૧) **HDFC** બેન્ક ( ૧૮૩૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૦૮ ના પ્રથમ સપોર્ટ થીખરીદવાલાયક રૂ.૧૮૬૭ થી રૂ.૧૮૭૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) **HDFC** લિમિટેડ ( ૧૭૭૨ ) :- આ સ્ટોક રૂ.૧૭૫૭ નો પ્રથમ તેમજ રૂ.૧૭૩૩ ના બીજો અતિ મહત્વનોસપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૭૯૩ થી રૂ.૧૮૦૮ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) મહિન્દ્રા - મહિન્દ્રા ( ૧૨૯૨ ) :- ૫૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૨૭૭ નો પ્રથમ તેમજ રૂ.૧૨૬૦ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૦૭ થી રૂ.૧૩૧૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- ૪) યસ બેન્ક ( ૧૮૪૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૬૦ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૮૮૩ નાસ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૮૨૮ થી રૂ.૧૮૦૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૮૯૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) લાર્સેન ( ૧૨૧૨ ) :- રૂ.૧૨૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૪૫ નાસ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકા ગાળે રૂ.૧૧૯૬ થી રૂ.૧૧૮૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક ૧૮.૦૯.૨૦૧૭ થી ૨૨.૦૯.૨૦૧૭ સુધી રોકાણ અર્થે સ્ટોક......

૧) નીટ લિમિટેડ ( ૧૧૩ ) :- ટેક્નોલૉજી ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૦૭આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૯૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૧ થી રૂ.૧૪૦નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૪૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) **SMS** ફાર્મા ( ૯૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૮૧ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૬ નાસપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૩ થી રૂ.૧૧૨ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) તૈનવાલા કેમિકલ ( ૧૨૦ ) :- રૂ.૧૧૨ નો પ્રથમ તેમજ રૂ.૧૦૯ ના બીજા સપોર્ટથી સાપ્તાહિકટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૧૩૪ થી રૂ.૧૪૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) માન એલ્યુમિનિયમ ( ૧૦૧ ) :- કન્સ્ટ્રકશન સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૨ થીરૂ.૧૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) **GTPL** હાથવે ( ૧૪૦ ) :- રૂ.૧૨૭ નો પ્રથમ તેમજ રૂ.૧૧૯ ના સ્ટોગ સપોર્ટથી ટેલિકોમ સેક્ટરનોરોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૫૪ થી રૂ.૧૬૬ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) પટેલ એન્જિ. ( ૮૦ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૭૩ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૮૯ થી રૂ.૯૭ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) એગ્રી – ટેક ઈન્ડિયા ( ૧૨૦ ) :- એગ્રીકલ્ચર સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક ટ્રેડીંગ સંદર્ભે રૂ.૧૦૯ નાસ્ટોપલોસથી ખરીદવાલાયક ....!! તેજી તરફી ઉછાળે રૂ.૧૩૩ થી રૂ.૧૪૦ ના ભાવ આસપાસ નફો બુકકરવો.....!!

૮) કનોરી કેમિકલ ( ૮૧ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૭૩ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીતરૂ.૮૯ થી રૂ.૯૫ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૯) દીપ ઈન્ડ. ( ૨૧૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ગેસઓઈલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૯૩ આસપાસરોકાણકારે રૂ.૨૨૩ થી રૂ.૨૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૧૮૭ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૧૦) **GPT** ઈન્ફ્રા ( ૧૬૮ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૫૭ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૭૭ થી રૂ.૧૯૧ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો ધ્યાને લઈએ તો

૧) **ARROW** ટેક્ષટાઈલ ( ૪૮ ) :- ટેક્ષટાઈલ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૫૬ થી રૂ.૬૧ ના ભાવનીસંભાવના ધરાવે છે...!! રૂ.૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) **K M** સુગર ( ૨૪ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે સુગર સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૧૯ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૩૧ થી રૂ.૩૫ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) કોહિનૂર ફૂડ્સ ( ૭૮ ) :- રૂ.૭૨ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક ત્રિમાસિક રોકાણ અર્થે ઝડપી ઉછાળાનીશક્યતા ધરાવે છે.... રૂ.૬૭ નો સ્ટ્રોંગ સપોર્ટ અતિ જરૂરી.....!!

૪) ટાઈમ્સ ગેરંટી ( ૬૩ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૭ નો પ્રથમ તેમજ રૂ.૫૨ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાઈનાન્સ સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૭૧ થી રૂ.૭૮ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૫) ગ્લોબલ ઓફશોર ( ૩૬ ) :- રૂ. ૩૩ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૪૭ થી રૂ.૫૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૨ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**બોટમ લાઇન :- નિફ્ટી ફ્યુચર રેન્જ ૯૯૬૦ થી ૧૦૧૭૩ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

## કેપ્સુલ

એક ભાઈ બહુ જ ભુલકણા હતા. એક દિવસ એમણે કોઈકનો દરવાજો ખટખટાવ્યો. દરવાજોખુલ્યો તો એ બોલ્યા, આર.કે.મહેતા અહીં જ રહે છે ?

મકાનમાલીક : અહીં કોઈ મહેતા નથીરહેતા.

ભુલકણા ભાઈ બાજુના ઘરનો દરવાજો ખટખટાવીને બોલ્યા, નમસ્તે શું આર. કે.મહેતાઅહીં જ રહે છે ?

મકાનવાળો : અરે તમે જ તો આર.કે.મહેતા જ છો.

ભુલકણા ભાઈ : મને છે કે આર.કે.મહેતા હું જ છું પણ હું રહું છું કયાં ?

૦૦૦૦

ભાણો : રાણા મારા બાપે બનાસ ડેરીમાં ટેટીનું વાવેતર કર્યું છે તેના તા-તણા સિદ્ધમાં ગયા હતા ને મણ મણની ટેટી આવેલી.

રાણો : ભાણા તે બીજ મારા બાપે આપેલું તેના પૈસા લેવાના બાકી છે. હવે આપો તો સારૂં કહેવાય.

ખેડૂત મજુરને મુલે (મજુરીએ) આવવું છે ?

૦૦૦

મજુર : હા..

ખેડૂત મજુરને તેના કરાર (ડુંગરાળ) ખેતરમાં લઈ ગયો ને ઘણા પથ્થર વીણાવીને ઢગલા કરાવ્યા ને ભેગા કર્યા.

મજુર : કાકા (પાણા)પથરાની ખેતી કરતાં મકાઈની ખેતી કરતાં તમને શું નડે છે ?

૦૦૦

કાનજી : નાનજી આજે ઠંડી ખુબ છે તું તળાવમાં આખી રાત પાણીમાં ઉભો રહેતો. તને સવા લાખનો હાર ઈનામમાં આપું..

નાનજી ઉભો રહું તે આખી રાત પાણીમાં ઉભો રહ્યો.

કાનજી : નાનજી તને પાણીમાં શેની ગરમી મળી ?

નાનજી : તારા હારની..

# શો ભલી વાર છે ?

## કંઈક નરમ કંઈક ગરમ

રેણુ વિષ્ણુકુમાર બારોટ

# હવા એથીકલ દવા જેનીટીકલ બિલ રોબટીકલ

## દેખ કબીરા

હસમુખ વાલમીયા

ઈ.9601897041

# રાજદીપે ડુબતી છોકરીઓના જીવ બચાવ્યા

## એનું નામ છે જીવન

નટવર હેડાઉ

# વિશાંતરી દશામાં સૂર્ય દશાનું ફળ




9377440907

## દ્રષ્ટીકોણ

ચંદ્રશેખર ત્રિવેદી

# આરોગ્ય, શિક્ષણ અને માર્ગોના નવીનીકરણ બાબતે સમીક્ષા થવી જોઈએ

# વિશ્વની વિચિત્ર અને રહસ્યમયી નદીઓ

## અજબ ગજબની દુનિયા

કમલેશ કંસારા

1930